eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 357**
**June 6, 2014**

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની મીટીંગના આયોજન બાબત

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન ધ્વારા તા.૨૮/૦૫/૨૦૧૪ નાં રોજ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્રીપ્રેનેસ પ્લાન અંતર્ગત કલેરીકલ / આરોગ્ય વિભાગ અને ટેકનીકલ સ્ટાફને ડીટેઈલ ટ્રેનીંગ આપવામાં આવી. જેમાં વિવિધ પ્રકારની કામગીરીના કરવામાં આવેલ આગોતરા હુકમોની તેમને જાણ કરવામાં આવી તથા પાણી ભરાય કે અન્ય કોઈ ડીઝાસ્ટર ઉદભવે ત્યારે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી બાબત

આરોગ્ય અધિકારી અને ઈ.ચાર્જ.ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) અને એડી. સીટી ઈજનેર(સીવીલ) ની સુચનાથી વરાછા ઝોનના આસી.કમિશ્નર અને નાયબ આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ તા.૨૮/૦૫/૨૦૧૪ના રોજ પૂર્વઝોનમાં સબરસ ગરનાળુ તેમજ તેની આજુબાજુનો વિસ્તાર તથા કાપોદ્રા વોર્ડ વિસ્તારમાં ખાણી પીણીની સંસ્થાઓ/ લારીઓ તથા...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી બાબત

આરોગ્ય અધિકારી અને ઈ.ચાર્જ.ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) અને એડી. સીટી ઈજનેર(સીવીલ) ની સુચનાથી વરાછા ઝોનના આસી.કમિશ્નર અને નાયબ આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ તા.૨૯/૦૫/૨૦૧૪ના રોજ પૂર્વઝોનમાં નાનાવરાછા માતૃછાયા રોડ, વંદના ખાડી રોડ તેમજ મેઈન રોડ,...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા) ઝોનાં આવેલ વિવિધ વિસ્તારોમાં ડીમોલીશનની કામગીરી

પુર્વ (વરાછા) ઝોનમાં મોટા વરાછા વિસ્તારમાં ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૫ (મોટા વરાછા) ફા.પ્લોટ નં.૬૯, બ્લોક નં.૪૯૪માં આવેલ વિશ્વનાથ સોસાયટીના મંજુર થયેલ પ્લાનમાં દર્શાવેલ સી.ઓ.પી. વાળા ભાગમાં શ્રી ઘનશ્યામભાઈ ચોથાણી દ્વારા આશરે ૬.૧૦મી. × ૧૨.૦૦ મી. માપ વિસ્તારમાં તથા માર્જીનવાળા ભાગમાં આશરે...

વધુ માટે કલીક કરો >>>>>>

## "૫મી જુન વિશ્વ પર્યાવરણ દિન"ઉજવણી અંતર્ગત નિબંધ અને ચિત્રકામ સ્પર્ધા

૫મી "જુન વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત નિબંધ અને ચિત્રકામ સ્પર્ધા તા.૦૫/૦૬/૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૧૦ કલાકે નિબંધ સ્પર્ધા અને ૧૧.૩૦ કલાકે ચિત્રકામ સ્પર્ધાનું આયોજન તયાબહ સેમીનાર હોલ, સાર્વજનિક કોલેજ ઓફ એન્જી. એન્ડ ટેકનોલોજી, ડો.આર.કે.દેસાઈ માર્ગ,...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની ડિમોલીશનની કામગીરી બાબત

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની ડિમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૩૧.૦૫.૧૪ના રોજ "વિશ્વ તમાકુ વિરોધી દિન" ની ઉજવણી બાબત

તા.૩૧.૦૫.૧૪ના રોજ "વિશ્વ તમાકુ વિરોધી દિન" ની ઉજવણી સંદર્ભે સુરત મહાનગરપાલિકા તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩' મુજબ શૈક્ષણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન વિસ્તારમાં તા. ૦૨/૦૬/૨૦૧૪ની કામગીરી બાબત

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન વિસ્તારમાં તા. ૦૨/૦૬/૨૦૧૪નાં રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

મોજે ભટાર રે.સ.નં.૯૦ પૈકી ભારતીય આદિમજાતિ કામદાર કો.ઓ.હા. સોસાયટીના પ્લોટ નં. ૮૫ ના મિલ્કતદાર દ્વારા હયાત ગ્રા.ફ્લોરનું બાંધકામ સરકારશ્રીના ઈમ્પેકટનાં કાયદા હેઠળ મંજુર કરાવ્યા બાદ પ્રથમમાળ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મે–૨૦૧૪ માસ દરમ્યાન ગાર્ડન વિભાગની કામગીરી બાબત

સુરત મહાનગરપાલિકાના શહેર વિસ્તારમાં ચોમાસામાં તંદુરસ્ત ઝાડો પડી જઈ અકસ્માતો થવાનાં બનાવો બને છે. મુખ્ય રોડ વિસ્તારમાં ચાલતાં વિકાસ કામોના કારણે મુખ્ય મૂળો કપાવાથી અકસ્માતે ઝાડ પડી ન જાય તે માટે, વીજ કંપનીની વીજ લાઈનમાં નડતરરૂપ અને અકસ્માત થાય તેવી શાખાઓની છટણી,...

વધુ માટે કલીક કરો >>>>>>

## ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા જૂન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા બાબત

ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા જૂન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની જનતામાં મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં રાખવા માટે જનજાગૃતિ કેળવાય અને સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી વાહકજન્ય રોગ નિયંત્રણની કામગીરીમાં પ્રજાનો સહકાર મળે તે હેતુસર...

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછા ઝોનની કામગીરી બાબત

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને ઓસ્પીટલ)ની સુચના અને માર્ગદર્શન હેઠળ વરાછા ઝોનનાં આસી.કમિશ્નરશ્રી તથા નાયબ આરોગ્ય અધિકારી, ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો તથા વરાછા ઝોનનાં આરોગ્ય વિભાગનાં સ્ટાફ સહિત વરાછા વિસ્તારના ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૩/૦૬/૨૦૧૪ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાની સુચના મુજબ ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ વિભાગના જુની.ઈજનેરશ્રીઓ તથા દબાણ ખાતાના સ્ટાફ સહિત કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૨૬/૦૫/૨૦૧૪ થી તા. ૦૧/૦૬/૨૦૧૪ના રોજ ઓપરેશન હેલ્થકેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્ય લક્ષી કામગીરી બાબત

મે.કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ)નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ મહાનરપાલિકાના વિવિધ ઝોનમાં તા. ૨૬/૦૫/૨૦૧૪ થી તા. ૦૧/૦૬/૨૦૧૪ના રોજ ઓપરેશન હેલ્થકેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા/કુલ્ફી/મટકા કુલ્ફીની કુલ ૩૭૧ લારીઓ ચેક કરી,...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૦૩/૦૬/૧૪ના રોજ સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત

આથી જણાવવાનું કે, મે.કમિશ્નરશ્રીની સૂચના / આદેશ અનુસાર તા.૦૩/૦૬/૧૪ના રોજ સેન્ટ્રલ ઝોનના મુખ્ય આરોગ્ય નિરીક્ષકો, આરોગ્ય નિરીક્ષકો તથા મદદનીશ આરોગ્ય નિરીક્ષકોની ટીમ બનાવી સેન્ટ્રલ ઝોનના જુદા જુદા વિસ્તાર જેવા કે, નાનપુરા, સગરામપુરા, સલાબતપુરા, બેગમપુરા, ભાગળ, હરીપુરા, સૈયદપુરા, ગોપીપુરા, વાડીફળીયા, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં આવેલ ભેદવાડ દરગાહ ખાડીમાં પ્રિમોન્સુન કામગીરીના ભાગરૂપે ખાડીની સફાઈ માટે મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું.

સાઉથ ઝોન (ઉધના)ના હેલ્થ અને એન્જીનીયરીંગ વિભાગ દ્વારા ભેદવાડ ખાડીની ઉપરવાસમાંથી તણાઈ આવતો કચરો, અન્ય નકામી વસ્તુ સાફ કરવા માટે મેગા ઓપરેશન હાથ ધરવામાં આવેલ હતું. આ ઓપરેશન ઝોનલ ચીફશ્રી ભરતભાઈ શાહ, ઝોનલ ઓફિસર શ્રી ડી.એ.હરપ્લાની, નાયબ આરોગ્ય અધિકારી શ્રી ડી.એસ.પટેલ, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ (લીંબાયત) ઝોનની કામગીરી બાબત

કુંભાલ પર્વતપાટીયા આગળ ગોપાળનગર સોસાયટી પ્લોટ નં.૩૮,૩૯ ખાતે રહેવાસી શ્રી પરેશકુમાર પ્રવિણચંદ્ર મોદી તથા શ્રી પ્રવિણભાઈ મોદી ધ્વારા મહાનગરપાલિકાની નળીકામાંથી કોઈપણ જાતની પરવાનગી મેળવ્યા સિવાય ૧" વ્યાસનું નળ જોડાણ લેવામાં આવેલ હતું આ બાબતે મળેલ ફરિયાદ અનુસંધાને અત્રેથી નળ જોડાણ કાપી દંડ પેટે રૂા.૧૦,૦૦૦/– (અંકે દસ હજાર પૂરા)ની વસુલાત કરેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## ઝીરો સ્લમ તરફ મહાનગરપાલિકાનો એક વધુ પગલુ

તા.૦૩–૦૬–૨૦૧૪ અને તા.૦૪–૦૬–૨૦૧૪ના રોજ સાઉથ ઝોન ઉધનામાં ૧૪૮ ઝુપડાવાસીઓના સ્લમ શીફટીંગ અને ડીમોલેશનની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ફાઈનલ ટી.પી.સ્કીમ નં.૦૬ (મજુરા–ખટોદરા) જીવનજયોત બ્રીજ પાસે ખાડીને લાગુ વિસ્તારમાં આવેલ શિવાજીનગર ઝુપડપટ્ટીમાં તા.૦૩.૦૬.૨૦૧૪ અને તા.૦૪.૦૬.૨૦૧૪ના રોજ ૧૪૮ ઝુપડાઓને ટી.પી.૨૨ (ભેસ્તાન) ફા.પ્લોટ નં.૭૦ માં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી બાબત

સુરત મહાનગરપાલિકા ધ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરૂપે ખજોદ ખાતેની કચરાના નિકાલની સાઈટ ખાતે આજરોજ ૫૦૦૦ જેટલા વૃક્ષો વાવવાનો કાર્યક્રમ એનવીઝન એન્વયારો ટેકનોલોજીઝ પ્રા.લી., આરજીઈ સુરત પ્રા.લી. તથા અન્ય સ્વયં સેવી સંસ્થાઓના સહયોગથી કરવામાં આવનાર છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા) ધ્વારા તા.૦૪/૦૬/૨૦૧૪નાં રોજ મીટીંગ બાબત

પૂર, ભૂકંપ જેવી કુદરતી આપત્તિનાં સમયે સહકાર, સંકલન તેમજ સંચાલન કરી શકાય તે બાબતે ચર્ચા–વિચારણા કરવા માટે પૂર્વઝોન (વરાછા) ધ્વારા તા.૦૪/૦૬/૨૦૧૪નાં રોજ સવારે ૧૦.૩૦ કલાકે કોમ્યુનિટિ હોલ, વલ્લભાચાર્ય રોડ, પી.પી.સવાણી સ્કુલની બાજુમાં, વરાછા રોડ ખાતે એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની ડિમોલીશનની કામગીરી બાબત

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની ડિમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૪–૬–૧૪ નાં રોજ બુધવારની સંકલિત ગૃપ સફાઈ કામગીરીનો રીપોર્ટ

તા. ૪–૬–૧૪ નાં રોજ બુધવારની સંકલિત ગૃપ સફાઈ કામગીરીનો રીપોર્ટ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૫ મી જૂન "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા અઠવા ઝોન વિસ્તારમાં ગાર્ડન તથા શાંતિકુંજની લોકાર્પણવિધિ તથા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન

૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસે સુરત મહાનગરપાલિકા દ્વારા ટી.પી. સ્કીમ નં. ૨, વેસુ–ભરથાણા, ફાઈનલ પ્લોટ નં. ૨૦૯, સાંઈ જલારામ મંદિરની સામે, વેસુ, સુરત ખાતે ૩૯૧૮ ચો.મી. એરિયામાં રૂા.૪૫,૧૯,૧૪૬.૦૦ ના ખર્ચે ૪૧.૪૫ ચો.મી.નો વોક વે, ૧૦મી.× ૫ મી.નો ગઝેબો, ૧૨ ચો.મી. પાણીની પરબ, ૨૬૮ ચો.મી. એરીયામાં ચિલ્ડ્રન પ્લે, ૨૦ ચો.મી.માં ટોયલેટ બ્લોક,...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનની કામગીરી બાબત

સુરત મહાનગરપાલિકાનાં મે.કમિશ્નરશ્રી અને લિંબાયત ઝોનનાં એડી.સીટી.ઈજનેર સાહેબશ્રી તથા આસી.કમિશ્નરશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તા.૦૪/૦૬/૧૪ નાં રોજ લિંબાયત ઝોનનાં આરોગ્ય વિભાગના તથા વી.બી.ડી.સી. સ્ટાફની કુલ–૨ (બે) ટીમો બનાવી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "વિશ્વ પર્યાવરણ દિન"

મે૫મી જૂનનો દિવસ આખા વિશ્વમાં "વિશ્વ પર્યાવરણ દિન" તરીકે ઉજવાય છે. ૫મી જુન "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત નિબંધ અને ચિત્રકામ સ્પર્ધાનું આયોજન તા.૦૫/૦૬/૨૦૧૪ને ગુરૂવારના રોજ TIFAC સેમીનાર હોલ,...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી.

૫ જુન "વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી અંતર્ગત અઠવા વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૪, ઉમરા–સાઉથના ફા.પ્લોટ નં.૧૦૩, સીટી લાઈટ રોડ, રઘુવીર બંગ્લોઝની બાજુમાં શાંતિકુંજ (બાગનું ક્ષેત્રફળ ૯૩૨ ચો.મી.) અને ટી.પી.સ્કીમ નં.૨, વેસુ–ભરથાણ, ફા.પ્લોટ નં.૨૦૯, સાંઈ જલારામ મંદિર સામે બાગ (બાગનું ક્ષેત્રફળ ૩૯૧૮.૦૦ ચો.મી.) નું લોકાર્પણ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની મીટીંગના આયોજન બાબત :–

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન ધ્વારા તા.૨૮/૦૫/૨૦૧૪ નાં રોજ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્રીપ્રેનેસ પ્લાન અંતર્ગત કલેરીકલ / આરોગ્ય વિભાગ અને ટેકનીકલ સ્ટાફને ડીટેઈલ ટ્રેનીંગ આપવામાં આવી. જેમાં વિવિધ પ્રકારની કામગીરીના કરવામાં આવેલ આગોતરા હુકમોની  તેમને જાણ કરવામાં આવી તથા પાણી ભરાય કે અન્ય કોઈ ડીઝાસ્ટર ઉદભવે ત્યારે તાકીદે ફરજ પર તાકીદે હાજર થઈ તેમને સોંપેલ કામગીરી શરૂ કરવા સુચના આપવામાં આવી.

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન ધ્વારા તા.૨૯/૦૫/૨૦૧૪ નાં રોજ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્રીપ્રેનેસ પ્લાન અંતર્ગત સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિ સાથે બપોરે ૧૨.૦૦ કલાકે એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ જેમાં ચાર સંસ્થાઓએ ભાગ લીધો હતો. જેમાં તેમને ઝોન ધ્વારા કરવામાં આવેલ આગોતરા પ્લાનીંગની જાણકારી આપવામાં આવી તથા સદર સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા મહાનગરપાલિકાને તેઓનું યોગદાન બાબતે તેમણે જાણ કરેલ તેમજ અન્ય સુચનો આપેલ તે બાબતે ઘટતુ કરવા ઝોનના અધિકારીશ્રીએ જણાવેલ છે.

TOP

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી બાબતઃ-

આરોગ્ય અધિકારી અને ઈ.ચાર્જ.ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) અને એડી. સીટી ઈજનેર(સીવીલ) ની સુચનાથી વરાછા ઝોનના આસી.કમિશ્નર અને નાયબ આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ તા.૨૮/૦૫/૨૦૧૪ના રોજ પૂર્વઝોનમાં સબરસ ગરનાળુ તેમજ તેની આજુબાજુનો વિસ્તાર તથા કાપોદ્રા વોર્ડ વિસ્તારમાં ખાણી પીણીની સંસ્થાઓ/ લારીઓ તથા કાર્બાઇડ પાવડરથી કેરી પકવતી સંસ્થાઓનું સઘન ચેકીંગ કરી ૩૭ સંસ્થાઓ પાસેથી રૂા.૧૧,૯૦૦/- જેટલો વહિવટી પરચુરણ ખર્ચ વસુલ કરી દંડકીય કાર્યવાહી કરવામાં આવેલ છે અને ૨૧ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરેલ તથા ૩૭ કિ.ગ્રામ જેટલા ખુલ્લા ખાદ્યપદાર્થોનો નાશ કરી આરોગ્યલક્ષી શિક્ષણ આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

TOP

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી બાબતઃ–

આરોગ્ય અધિકારી અને ઈ.ચાર્જ.ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) અને એડી. સીટી ઈજનેર(સીવીલ) ની સુચનાથી વરાછા ઝોનના આસી.કમિશ્નર અને નાયબ આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ તા.૨૯/૦૫/૨૦૧૪ના રોજ પૂર્વઝોનમાં નાનાવરાછા માતૃછાયા રોડ, વંદના ખાડી રોડ તેમજ મેઈન રોડ, મોટાવરાછા ક્રિષ્ના ટાઉનશીપ રોડ, નાનાવરાછા મોટાવરાછા વોર્ડ વિસ્તારમાં કેરીવાળા તેમજ પાનનાં ગલ્લાઓનું સઘન ચેકીંગ કરી ન્યુસન્સ કરતા ૩૬ સંસ્થાઓ પાસેથી રૂા.૨૫,૦૦૦/– જેટલો વહિવટી પરચુરણ ખર્ચ વસુલ કરી દંડકીય કાર્યવાહી કરવામાં આવેલ છે અને ૦૩ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી આરોગ્યલક્ષી શિક્ષણ આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

TOP

## પૂર્વ (વરાછા) ઝોનનાં આવેલ વિવિધ વિસ્તારોમાં ડીમોલીશનની કામગીરી :–

(૧) પુર્વ (વરાછા) ઝોનમાં મોટા વરાછા વિસ્તારમાં ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૫ (મોટા વરાછા) ફા.પ્લોટ નં.૬૯, બ્લોક નં.૪૯૪માં આવેલ વિશ્વનાથ સોસાયટીના મંજુર થયેલ પ્લાનમાં દર્શાવેલ સી.ઓ.પી. વાળા ભાગમાં શ્રી ઘનશ્યામભાઈ ચોથાણી દ્વારા આશરે ૬.૧૦મી. × ૧૨.૦૦ મી. માપ વિસ્તારમાં તથા માર્જીનવાળા ભાગમાં આશરે ૩.૦મી. × ૧૨.૦૦મી. માપ વિસ્તારમાં ઈંટના ચણતરની દિવાલો તથા આર.સી.સી. કોલમ લઈ સ્લેબ લેવલ સુધીનું બાંધકામ કરેલ, જે ગેરકાયદેસર બાંધકામ દુર કરી આ માટે ૧૧૭૫.૦૦ ચો.ફુટ સી.ઓ.પી. તથા માર્જીનની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

મિલકતદાર પાસેથી ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/–વસુલ લેવામાં આવેલ છે.

(૨) ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૧૮ (મોટા વરાછા) ફા.પ્લોટ નં.૮૮ માં આવેલ આમેના પાર્ક સોસાયટીના ૨(બે) મિલકતદારો i) કોહીનુર સ્ક્રેપવાળા શ્રી સલીમભાઈ આગવાન તથા ii) શ્રી નાસીરખાન પઠાન દ્વારા ૩૬.૦૦મી.ના ટી.પી.રસ્તા પર કોન્ક્રીટનો રેમ્પ બનાવેલ, જે આજ રોજ દુર કરી બન્ને મિલકતદારો પાસેથી મળીને કુલ્લે રૂા.૧૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

પૂર્વ (વરાછા) ઝોનના એડીશનલ સીટી ઈજનેરશ્રીની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતાના સ્ટાફ દબાણખાતાના સ્ટાફ તેમજ સીકયુરીટી સ્ટાફની હાજરીમાં ઉપરોકત કામગીરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

TOP

## ''૫મી જુન વિશ્વ પર્યાવરણ દિન''ઉજવણી અંતર્ગત નિબંધ અને ચિત્રકામ સ્પર્ધા

૫મી ''જુન વિશ્વ પર્યાવરણ દિન'' ની ઉજવણી નિમિત્તે ''એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ'' પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત નિબંધ અને ચિત્રકામ સ્પર્ધા તા.૦૫/૦૬/૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૧૦ કલાકે નિબંધ સ્પર્ધા અને ૧૧.૩૦ કલાકે ચિત્રકામ સ્પર્ધાનું આયોજન તયાબહ સેમીનાર હોલ, સાર્વજનિક કોલેજ ઓફ એન્જી. એન્ડ ટેકનોલોજી, ડો.આર.કે.દેસાઈ માર્ગ, મિશન હોસ્પીટલની સામે, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા પર્યાવરણ પ્રેમી નગરજનોને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની ડિમોલીશનની કામગીરી બાબત :–

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.સ્કીમ નંબર | ૭(આંજણા) | | |
| ૨ | વિસ્તાર | ભાઠેના | | |
| ૩ | ફાયનલ પ્લોટ નંબર | ૧૮૧ (સબ સેન્ટર) | | |
| | સબ પ્લોટ નંબર | સબ સેન્ટર નાં હેતુ માટે અનામત | | |
| | રીઝર્વેશન પ્લોટની વિગત | ફા.પ્લોટ નં.૧૮૧ (સબ સેન્ટર) | | |
| ૪ | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે) | રહેણાંક, ઝુંપડા તથા કોમર્શીયલ બાંધકામ | | |
| ૫ | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ(ફુટમા) | ચો.ફુટ(વિસ્તાર) |
| | | ભોયતળિયે | | ૧૦૦૦૦ |
| | | પ્રથમમાળ | | |
| | | બીજોમાળ | | |
| | | ત્રીજોમાળ | | |
| | | ચોથોમાળ | | |
| ૬ | માલિકનું નામ | સુરત મહાનગરપાલિકા | | |
| ૭ | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | | | |
| ૮ | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | આજરોજ ૮૦ ઝુંપડા દુર કરવામાં આવેલ છે. સદર કામગીરી વધુ એક દિવસમાં પૂર્ણ કરવામાં આવશે. | | |
| ૯ | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | આશરે ૩૦ થી ૩૫ | | |
| | બેલદારની સંખ્યા | લગભગ– ૧૦૦ | | |
| ૧૦ | મશીન / વાહનની વિગત | ૬– ટ્રક , ૬–ટ્રેકટર ,૨–જે.સી.બી., ૪ બ્રેકર મશીન | | |
| ૧૧ | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | – | | |
| ૧૨ | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | – | | |
| ૧૩ | અન્ય માહિતી | બી.આર.ટી.એસ. રૂટમાં રોડની અસર હેઠળ આવતા નડતરરૂપ ઝુંપડાઓનું સ્થળાતંર કરવાની કામગીરી પૂર્ણ થયેલ છે. | | |

TOP

## તા.૩૧.૦૫.૧૪ના રોજ "વિશ્વ તમાકુ વિરોધી દિન" ની ઉજવણી બાબત :–

તા.૩૧.૦૫.૧૪ના રોજ "વિશ્વ તમાકુ વિરોધી દિન" ની ઉજવણી સંદર્ભે સુરત મહાનગરપાલિકા તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩' મુજબ શૈક્ષણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતી સંસ્થાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | જપ્ત કરવામાં આવેલ તમાકુ પ્રોડકટસ | | | | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂા. |
|---|---|---|---|---|---|---|---|
| | | | ગુટકા પાઉચ | તમાકુ પડીકી | બીડી બંડલ | સીગારેટ પેકેટ | |
| સેન્ટ્રલ | ૭૮ | ૭૨ | ૬૯ | ૨૪૮ | ૪૧ | ૨૩ | ૧૩૬૦૦ |
| વરાછા | ૨૫૧ | ૧૨૧ | ૨ | ૩૧૦ | ૯૪ | ૪૭ | ૧૯૦૦૦ |
| રાંદેર | ૨૪ | ૧૯ | ૪૭ | ૩૫ | ૨૨ | ૧૪ | ૩૮૦૦ |
| કતારગામ | ૨૦૩ | ૬૮ | ૧૮૭ | ૧૯૯ | ૪૦ | ૧૭ | ૧૧૮૦૦ |
| ઉધના | ૬૫ | ૬૫ | ૩૨૮ | ૧૪૬ | ૩૪ | ૨૫ | ૧૦૦૫૦ |
| લિંબાયત | ૮૩ | ૮૩ | ૬૩૭ | ૩૪૩ | ૧૩૦ | ૧૧૩ | ૧૬૬૦૦ |
| અઠવા | ૩૩ | ૨૮ | ૩૩૩ | ૧૦૮ | ૭૮ | ૭૮ | ૫૬૦૦ |
| કુલ | ૭૩૭ | ૪૫૬ | ૧૬૦૩ | ૧૩૮૯ | ૪૩૯ | ૩૧૭ | ૮૦૪૫૦ |

TOP

## સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન વિસ્તારમાં તા. ૦૨/૦૬/૨૦૧૪ની કામગીરી બાબત :–

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન વિસ્તારમાં તા. ૦૨/૦૬/૨૦૧૪નાં રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

મોજે ભટાર રે.સ.નં.૯૦ પૈકી ભારતીય આદિમજાતિ કામદાર કો.ઓ.હા. સોસાયટીના પ્લોટ નં. ૮૫ ના મિલ્કતદાર દ્વારા હયાત ગ્રા.ફલોરનું બાંધકામ સરકારશ્રીના ઈમ્પેકટનાં કાયદા હેઠળ મંજુર કરાવ્યા બાદ પ્રથમમાળ તથા બીજા માળ પર કરવામાં આવેલ બાંધકામ અંગે અત્રેની મનાઈ હુકમ તેમજ કાયદેસર નોટીસ આપી કાયદેસરની કાર્યવાહી હાથ કરવામાં આવેલ. સદર નોટીસોનો મિલ્કતદારોએ કોઈ અમલ ન કરતા આજરોજ સદરહું આશરે ૩૦૦ ચો.ફુટનું પ્રથમ માળ તેમજ બીજા માળનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

TOP

## મે–૨૦૧૪ માસ દરમ્યાન ગાર્ડન વિભાગની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના શહેર વિસ્તારમાં ચોમાસામાં તંદુરસ્ત ઝાડો પડી જઈ અકસ્માતો થવાનાં બનાવો બને છે. મુખ્ય રોડ વિસ્તારમાં ચાલતાં વિકાસ કામોના કારણે મુખ્ય મૂળો કપાવાથી અકસ્માતે ઝાડ પડી ન જાય તે માટે, વીજ કંપનીની વીજ લાઈનમાં નડતરરૂપ અને અકસ્માત થાય તેવી શાખાઓની છટણી, વૃક્ષોના ઉગાવાના કારણે તેના પોતાના ભારથી પડી જવાના જોખમી ઝાડો વિગેરે હેતુસર કારણોસર ચોમાસામાં પવન અને વરસાદના કારણે સદર ઝાડો પડી જઈ અકસ્માત થવાની સંભાવના રહેલ છે. જે ઝાડો પડી જવાને કારણે થતાં અકસમાતો ઓછાં બને તે માટે ચાલુ વર્ષે જાહેર બાગ બગીચા ખાતા દ્વારા તમામ ઝોનમાં અકસ્માતે પડી જવાની સંભાવના હોય તેવા જે તે ઝોનનાં મુખ્ય વિસ્તારોમાં આવેલ ઝાડોનો એક સર્વે કરવામાં આવેલ છે. ચોમાસા પહેલા ઝાડોના ભારે અને હળવા ટ્રીમીંગ કામો ચાલુ કરવામાં આવેલ છે. જે તે ઝોનના મુખ્ય વિસ્તારોમાં ઝાડોના જરૂરીયાત મુજબ હળવું અને ભારે ટ્રીમીંગ કામ કરી તમામ ઝોનમાં નીચે જણાવ્યા મુજબ મે–૨૦૧૪ માસ દરમ્યાન ગાર્ડન વિભાગ દ્વારા કરવામાં આવેલ છે.

પરિશિષ્ટ–અ

| ઝોન | ટ્રીમીંગ/છંટણી કરેલ વૃક્ષ સંખ્યા |
|---|---|
| સેન્ટ્રલ | ૧૦૪ |
| વેસ્ટ | ૨૧૧ |
| સાઉથ વેસ્ટ | ૧૯૧ |
| સાઉથ | ૧૧૩ |
| સાઉથ ઈસ્ટ | ૧૨ |
| ઈસ્ટ–અ | ૩૮ |
| ઈસ્ટ–બ | ૨૯ |
| નોર્થ | ૨૫ |
| | ૭૨૩ |

TOP

## ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા જૂન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા બાબત :–



ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા જૂન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની જનતામાં મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં રાખવા માટે જનજાગૃતિ કેળવાય અને સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી વાહકજન્ય રોગ નિયંત્રણની કામગીરીમાં પ્રજાનો સહકાર મળે તે હેતુસર તા.૧–૬–૨૦૧૪નાં રોજ એક વિશાળ રેલીનું આયોજન કરેલ હતું, જે સવારે ૯–૦૦ કલાકે **સાઉથ ઈસ્ટ ઝોનનાં નીલગીરી સર્કલથી શરૂ કરી ગોડાદરા અર્બન હેલ્થ સેન્ટરનાં પટાંગણમાં પુર્ણ** કરવામાં આવેલ હતી. રેલીનું પ્રસ્થાન મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ લીલી ઝંડી ફરકાવી કરવામાં આવ્યું. રેલીનું રૂગ્ણાલય સમિતિના ચેરમેનશ્રી શ્રીમતી ઉર્મિલાબેન રાણા, ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, મ્યુનિસીપલ સદસ્યશ્રી, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડેપ્યુટી કમિશનર(હે. અને હો.) શ્રી ડો.હેમંતભાઈ દેસાઈ, ઝોનલ ચીફ શ્રી જે.કે.શાહ, આસી.કમિશનર શ્રીમતી ગાયત્રીબેન જરીવાલા, નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ, ઈ.ચા. જંતુનાશક અધિકારી, આસી.જંતુનાશક અધિકારીઓ તેમજ વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગના કર્મચારીગણ, આંગણવાડી કાર્યકરો અને નાગરિકોએ ખૂબ જ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

શાંતીનગર સોસાયટીના પ્રમુખ શ્રી આર.એસ.પાટીલ, વિશ્રાંતીપાર્કના પ્રમુખ શ્રી ગોપાલભાઈ, જય સંતોષીનગર તથા બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી રાજુભાઈ ભરવાડ દ્વારા ફુલહારથી મા.મેયરશ્રી, ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ અને રેલીના પદાધિકારીઓનું સ્વાગત કરવામાં આવેલ. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ સુરત મહાનગરપાલિકા દ્વારા લોકોમાં જનજાગૃતિ આવે અને મચ્છરજન્ય રોગો અંગે આવનાર ચોમાસામાં લેવા જોગ તકેદારીના પગલાઓની ખૂબ જ ઝીણવટપૂર્વક સમજણ આપવામાં આવેલ, અને મચ્છરજન્ય રોગોને નિયંત્રણ કરવામાં આપણા સૌની જવાબદારી અને ભાગીદારી છે. મહાનગરપાલિકા મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે જરૂરી તમામ પગલા લઈ રહી છે, ત્યારે આ રોગના અટકાયત માટે પ્રજા પણ જાગૃત થાય અને સાથ–સહકાર આપે તે જરૂરી છે. વધુમાં જયારે સુરત શહેરની ભૌગોલિક સ્થિતિ જોતાં અહીં વરસાદ, ભેજનું પ્રમાણ વધુ હોય તેમજ પરપ્રાંતમાંથી રોજી–રોટી મેળવવા સુરત આવતા કામદારો વિગેરેને કારણે મેલેરિયાની પરિસ્થિતિ વણસે નહિ તેમાટે મહાનગરપાલિકાને સતત ચાંપતી નજર રાખવી પડે છે. વધુમાં તેમણે જણાવ્યું કે, હજી લોકોમાં જાગૃતિ લાવવાની જરૂર છે. આ માટે તમામ નાગરિકોએ સહકાર આપવો જોઈએ. ઘર આગળ પાણીના ખાબોચીયા ન થવા દેવા જોઈએ. પાણી ભરેલા વાસણો અઠવાડીયે એક વાર સાફ કરી હવાચુસ્ત ઢાંકણ / કપડાથી ઢાંકવા જોઈએ. તાવ આવે ત્યારે નજીકના શહેરી આરોગ્ય કેન્દ્ર પર જઈ લોહીની તપાસ કરાવી સંપુર્ણ સારવાર લેવી જોઈએ, જેવી રસપ્રદ માહિતી આપી હતી.

સમગ્ર રેલીનું આયોજન મ્યુ.કમિશનરશ્રીની સુચનાનુસાર આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા.ડેપ્યુટી કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ડો.હેમંતભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.કેશવ વૈષ્ણવ અને સાઉથ–ઈસ્ટ ઝોનના આસી.જંતુનાશક અધિકારી શ્રી જે.ડી.પટેલ અને તેમના સ્ટાફના સાથ–સહકાર દ્વારા કરવામાં આવેલ હતું. સમગ્ર સમારંભમાં હાજર રહેલ મહાનુભાવો અને કર્મચારી ગણનો આભાર ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી ડો.કે.જી.વૈષ્ણવ દ્વારા કરવામાં આવેલ.

TOP

## વરાછા ઝોનની કામગીરી બાબત :–

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને ઓસ્પીટલ)ની સુચના અને માર્ગદર્શન હેઠળ વરાછા ઝોનનાં આસી.કમિશ્નરશ્રી તથા નાયબ આરોગ્ય અધિકારી, ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો તથા વરાછા ઝોનનાં આરોગ્ય વિભાગનાં સ્ટાફ સહિત વરાછા વિસ્તારનાં (૧) રામકૃપા ડેરી ફાર્મ, પ્લોટ નં. ૨૭૫, વિવેકાનંદ સોસાયટી, લંબે હનુમાન રોડ, વરાછા તથા (૨) શ્રી આશાપુરા ડેરી, પ્લોટ નં. ૫૫, વિવેકાનંદ સોસાયટી, લંબે હનુમાન રોડ, વરાછા ખાતેની સંસ્થાઓમાં આકસ્મિક ચેકીંગ કરવામાં આવેલ. જેમાં રામકૃપા ડેરી ફાર્મમાંથી આશરે ૧૭૦ કિ.ગ્રા. તથા શ્રી આશાપુરા ડેરીમાંથી આશરે ૨ કિ.ગ્રા. બનાવટી ઘી હોવાનું માલુમ પડેલ હતુ. જેનાં નમુના લઈ પૃથ્થકરણ માટે પબ્લીક હેલ્થ લેબોરેટરીમાં મોકલી આપેલ છે. આમ કુલ ૧૭૨ કિ.ગ્રા. બનાવટી ઘી નો જપ્ત કરી નાશ કરવામાં આવેલ તથા રામકૃપા ડેરી ફાર્મની સંસ્થાને બંધ કરવામાં આવેલ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૩/૦૬/૨૦૧૪ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાની સુચના મુજબ ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ વિભાગના જુની.ઈજનેરશ્રીઓ તથા દબાણ ખાતાના સ્ટાફ સહિત કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટી.પી.સ્કીમ નં. ૨૪ (ટુંકી) ભરીમાતા ફુલવાડી રોડ પાસે નેહરુનગરને લાગુ ફા.પ્લોટ નં. ૧૧૦, ઈ.ડબલ્યુ.એસ.ના રીઝૅર્વેશન વાળી જગ્યામાં પાળાને લાગુ જગ્યામાં પતરાં ટેકાની મદદથી આશરે ૫૦ (પચાસ) ઝુંપડાનું દબાણ થયેલ જે ૫૦ (પચાસ) ઝુંપડાનું દબાણ દુર કરી આશરે ૫૦૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. વધુમાં અગાઉ તા. ૨૦/૦૫/૨૦૧૪ના રોજ સદર સ્થળે બનેલ ૫૦(પચાસ) નવા ઝુંપડાઓનું દબાણ દુર કરવામાં આવેલ. જે ફરીથી બની જતા આજરોજ સદર ઝુંપડાઓનું ફરીથી દબાણ દુર કરવામાં આવેલ છે. સદર કામગીરીમાં ચોકબજાર પોલીસ સ્ટેશનની મદદ લેવામાં આવેલ છે.

TOP

## તા. ૨૬/૦૫/૨૦૧૪ થી તા. ૦૧/૦૬/૨૦૧૪ના રોજ ઓપરેશન હેલ્થકેર અને પ્રિમોન્સુન સંદર્ભે_આરોગ્ય લક્ષી કામગીરી બાબત :–

મે.કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ)નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ મહાનરપાલિકાના વિવિધ ઝોનમાં તા. ૨૬/૦૫/૨૦૧૪ થી તા. ૦૧/૦૬/૨૦૧૪ના રોજ ઓપરેશન હેલ્થકેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા/કુલ્ફી/મટકા કુલ્ફીની કુલ ૩૭૧ લારીઓ ચેક કરી, સડેલા/કાપેલા/ખુલ્લા રાખેલા/વધુ પડતા પાકેલા ફળો/શાકભાજીનો–૨૩૪૦ કી.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારી/રેકડીઓનાં પીવાનું પાણી અને ખાદ્ય પદાર્થોનું ૮૫૪ સ્થળે ચેકીંગ કર્યુ, જે પૈકી–૪૯૭ સંસ્થાઓને નોટીસ આપી તથા ૪૩ સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો/હોટલ/અન્ય ખાદ્ય પદાર્થ વેચતી સંસ્થાઓ–૩૬૮ ચેક કરી જે પૈકી ૧૪૨ સંસ્થાઓને નોટીસ આપી, તથા ૧ સંસ્થાને બંધ કરાવેલ હતી. દુધની ડેરી – ૨૦૭ ચેક કરી  જે પૈકી ૯૨ સંસ્થાઓને નોટીસ આપી, તથા ૧ સંસ્થાને બંધ કરાવેલ હતી. બરફનું વેચાણ કરનાર સંસ્થા–૧૭૪ ચેક કરી જે પૈકી ૭૦ સંસ્થાઓને નોટીસ આપી, તથા ૮ સંસ્થાને બંધ કરાવેલ હતી. લગ્નની વાડીઓ/પાર્ટી પ્લોટમાં પીવાનાં પાણીની ટાંકી –૧૩૩ ચેક કરી, મ્યુનિ. બિલ્ડીંગ, શાળાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, જાહેર સંસ્થાઓમાં પાણીની ટાંકી –૨૦૩ ચેક કરી, સીનેમાગૃહ, નાટયગૃહો, વીડીયો થીયેટરમાં પીવાનાં પાણી/ખાદ્ય સામગ્રી/મુતરડી–૭૭ ચેક કરી, આ પૈકી કસુરવાર પાસેથી કુલ વહીવટી ખર્ચ રૂા.૨,૧૮,૬૩૦/– વસુલ કરવામાં આવેલ છે. તા. ૨૨/૫/૨૦૧૪ અને તા.૩૧/૫/૨૦૧૪ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાં શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા કુલ ૯૪૬ ઈસમો પાસેથી રૂા. ૧,૮૦,૪૫૦/–નો દંડ વસુલવામાં આવેલ છે.

TOP

## તા.૦૩/૦૬/૧૪ના રોજ સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

આથી જણાવવાનું કે, મે.કમિશનરશ્રીની સૂચના / આદેશ અનુસાર તા.૦૩/૦૬/૧૪ના રોજ સેન્ટ્રલ ઝોનના મુખ્ય આરોગ્ય નિરીક્ષકો, આરોગ્ય નિરીક્ષકો તથા મદદનીશ આરોગ્ય નિરીક્ષકોની ટીમ બનાવી સેન્ટ્રલ ઝોનના જુદા જુદા વિસ્તાર જેવા કે, નાનપુરા, સગરામપુરા, સલાબતપુરા, બેગમપુરા, ભાગળ, હરીપુરા, સૈયદપુરા, ગોપીપુરા, વાડીફળીયા, મુગલીસરા, વરીયાવી બજાર તથા સ્ટેશન વિગેરે વિસ્તારમાં આરોગ્યલક્ષી તથા રોગચાળા અટકાયત બાબતે જરૂરી કામગીરી / કાર્યવાહી કરવામાં આવેલ છે. જેમાં કુલ–૨૯૬ જેટલી ખાદ્યપદાર્થોની સંસ્થાઓનું ચેકીંગ કરવામાં આવેલ છે અને જે પૈકીની ૧૭૫ જેટલી સંસ્થામાં ગંદકી બાબતે અને આરોગ્યને લગતી ખામી જણાય આવતા નોટીસ આપવામાં આવેલ છે. કુલ–૧૩૫ જેટલી સંસ્થાઓને ગંદકી કરવા બદલ રૂા.૪૪,૪૫૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે અને સંસ્થામાં ખુલ્લા અને બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થના ૧૦૫.૨૦૦ કિ.ગ્રા. જથ્થાનો નાશ કરવામાં આવેલ છે. સદર ઝુંબેશ દરમ્યાન પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો ૧૫.૪૦૦ કિ.ગ્રા. મળી આવેલ છે, જેનો નાશ કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં આવેલ ભેદવાડ દરગાહ ખાડીમાં પ્રિમોન્સુન કામગીરીના ભાગરૂપે ખાડીની સફાઈ માટે મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું.

સાઉથ ઝોન (ઉધના)ના હેલ્થ અને એન્જીનીયરીંગ વિભાગ દ્વારા ભેદવાડ ખાડીની ઉપરવાસમાંથી તણાઈ આવતો કચરો, અન્ય નકામી વસ્તુ સાફ કરવા માટે મેગા ઓપરેશન હાથ ધરવામાં આવેલ હતું. આ ઓપરેશન ઝોનલ ચીફશ્રી ભરતભાઈ શાહ, ઝોનલ ઓફિસર શ્રી ડી.એ.હરપ્લાની, નાયબ આરોગ્ય અધિકારી શ્રી ડી.એસ.પટેલ, આસી.જંતુનાશક અધિકારી શ્રી કે.બી.દેસાઈની સીધી દેખરેખ હેઠળ કામગીરી કરાવવામાં આવેલ છે. આ કામગીરીમાં ફાયર ખાતાની હોડી નંગ – ૨ તથા ફાયર ખાતાનો સ્ટાફ તેમજ ૦૫– ટ્રેકટર, ૦૧–જેસીબી, ૦૨–પોકલેન, ૦૭–મઝદા અને ૦૨–ટ્રક સાધાનોનાં ઉપયોગથી કુલ–૩૩ ફેરા કચરો કાઢી ડિસ્પોઝલ સાઈટ પર નિકાલ કરવામાં આવેલ છે. આ કામગીરીમાં કુલ – ૧૦ સુપરવાઈઝર તેમજ ૫૦ – બેલદાર અને તમામ ઓફિસરો હાજર રહી, ખડે પગે કામગીરી કરાવેલ હતી તથા હજુ બે દિવસ સુધી કામગીરી ચાલુ રેહેશે.

TOP

## સાઉથ ઈસ્ટ (લીંબાયત) ઝોનની કામગીરી બાબત :–

(૧) કુંભાલ પર્વતપાટીયા આગળ ગોપાળનગર સોસાયટી પ્લોટ નં.૩૮,૩૯ ખાતે રહેવાસી શ્રી પરેશકુમાર પ્રવિણચંદ્ર મોદી તથા શ્રી પ્રવિણભાઈ મોદી ધ્વારા મહાનગરપાલિકાની નળીકામાંથી કોઈપણ જાતની પરવાનગી મેળવ્યા સિવાય ૧'' વ્યાસનું નળ જોડાણ લેવામાં આવેલ હતું આ બાબતે મળેલ ફરિયાદ અનુસંધાને અત્રેથી નળ જોડાણ કાપી દંડ પેટે રૂા.૧૦,૦૦૦/– (અંકે દસ હજાર પૂરા)ની વસુલાત કરેલ છે.

(૨) ભાઠેના, પુષ્પાનગર ખાતે શ્રી પરેશભાઈ બાબુલાલ પટેલ ધ્વારા ગેરકાયદેસર રીતે લેવામાં આવેલ ૧'' વ્યાસનું નળ જોડાણ કાપવામાં આવેલ સ્થળ ઉપર માલિક હાજર ન હોવાથી અત્રેથી નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે.

TOP

## ઝીરો સ્લમ તરફ મહાનગરપાલિકાનો એક વધુ પગલુ





તા.૦૩–૦૬–૨૦૧૪ અને તા.૦૪–૦૬–૨૦૧૪ના રોજ સાઉથ ઝોન ઉધનામાં ૧૪૮ ઝુપડાવાસીઓના સ્લમ શીફટીંગ અને ડીમોલેશનની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ફાઈનલ ટી.પી.સ્કીમ નં.૦૬ (મજુરા–ખટોદરા) જીવનજયોત બ્રીજ પાસે ખાડીને લાગુ વિસ્તારમાં આવેલ શિવાજીનગર ઝુપડપટ્ટીમાં તા.૦૩.૦૬.૨૦૧૪ અને તા.૦૪.૦૬.૨૦૧૪ના રોજ ૧૪૮ ઝુપડાઓને ટી.પી.૨૨ (ભેસ્તાન) ફા.પ્લોટ નં.૭૦ માં આવેલ ભધક આવાસોમાં શીફટીંગ તેમજ સદર ઝુપડાઓના ડીમોલેશન સહિતની કામગીરી કરવામાં આવેલ છે. આમ સુરત મહાનગરપાલિકા ઝીરો સ્લમ તરફ આગળ વધી રહ્યું છે.





TOP

## વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી બાબત :–

સુરત મહાનગરપાલિકા ધ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરૂપે ખજોદ ખાતેની કચરાના નિકાલની સાઈટ ખાતે આજરોજ ૫૦૦૦ જેટલા વૃક્ષો વાવવાનો કાર્યક્રમ એનવીઝન એન્વયારો ટેકનોલોજીઝ પ્રા.લી., આરજીઈ સુરત  પ્રા.લી. તથા અન્ય સ્વયં સેવી સંસ્થાઓના સહયોગથી કરવામાં આવનાર છે. સદર કાર્યક્રમમાં આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી, સ્થાનિક મ્યુ.સભ્યોશ્રી, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના રીજીઓનલ ઓફીસર તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ ભાગ લેશે. આજરોજ ખજોદ ખાતેની કચરાના નિકાલની સાઈટ ખાતે વૃક્ષો વાવી પર્યાવરણના સંરક્ષણના કામમાં યોગદાન આપવાની જાહેર જનતાને સુરત મહાનગરપાલિકા તરફથી અપીલ છે.

TOP

## પૂર્વઝોન (વરાછા) ધ્વારા તા.૦૪/૦૬/૨૦૧૪નાં રોજ મીટીંગ બાબત :–

પૂર, ભૂકંપ જેવી કુદરતી આપત્તિનાં સમયે સહકાર, સંકલન તેમજ સંચાલન કરી શકાય તે બાબતે ચર્ચા–વિચારણા કરવા માટે પૂર્વઝોન (વરાછા) ધ્વારા તા.૦૪/૦૬/૨૦૧૪નાં રોજ સવારે ૧૦.૩૦ કલાકે કોમ્યુનિટિ હોલ, વલ્લભાચાર્ય રોડ, પી.પી.સવાણી સ્કુલની બાજુમાં, વરાછા રોડ ખાતે એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, અગ્રણીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મેડીકલ પ્રેકટીશનરો, વરાછા–કાપોદ્રા–પુણા–સીમાડાનાં પોલીસ અધિકારીઓ, ગુજરાત ગેસ કંપની, ટોરેન્ટ પાવર, ડી.જી.વી.સી.એલનાં પ્રતિનિધિઓ તથા પૂર્વઝોન (વરાછા)નાં અધિકારી/કર્મચારીઓએ બહોળા પ્રમાણમાં ભાગ લીધો હતો. જેમાં ઈજનેરી  વિભાગ તથા આરોગ્ય વિભાગને લગતી માહિતીનું તથા પૂર, આગ જેવી હોનારતનું પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવેલ. તે અગ્રણીઓ તેમજ પ્રતિનિધિઓ સમક્ષ રજુ કરવામાં આવેલ.

૨૦૦૬ માં આવેલ રેલ તેમજ પ્રવર્તમાન સંજોગોમાં ઝોન વિસ્તારમાં લાગેલ મોટી આગનાં બનાવો કે જે ડિઝાસ્ટરનો જ એક ભાગ છે તેમજ રોગચાળા જેવા મોટા ડિઝાસ્ટરને આવરી લઈ સમગ્ર મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું.

ઉપરોકત તમામ મહાનુભાવોને આવી પડનાર આપત્તિ સામે ઝોન ધ્વારા કરવામાં આવેલ પ્રિ–મોન્સુન એકિટવીટી તેમજ ડિઝાસ્ટર જેવી પરિસ્થિતિમાં સુવ્યવસ્થા, સંચાલન અને સંકલન કરી શકાય તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી પૂરી પાડવામાં આવતી સહાય યોગ્ય જરૂરીયાતમંદને સમયસર પહોંચી રહે તે અંગેનું સુવ્યસ્થિત આયોજન કરી શકાય તે માટે સુરત મહાનગરપાલિકાને સહકાર આપવા અનુરોધ કરવામાં આવેલ. જે સંદર્ભે ઉપરોકત પ્રતિનિધિઓ તરફથી સહકારની ભાવના દાખવવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમને ખૂબ સારો પ્રતિસાદ મળેલ છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની ડિમોલીશનની કામગીરી બાબત :–

<table>
<tr><td>૧</td><td>ટી.પી.સ્કીમ નંબર</td><td colspan="3">૭(આંજણા)</td></tr>
<tr><td>૨</td><td>વિસ્તાર</td><td colspan="3">ભાઠેના</td></tr>
<tr><td rowspan="3">૩</td><td>ફાયનલ પ્લોટ નંબર</td><td colspan="3">૯૮</td></tr>
<tr><td>સબ પ્લોટ નંબર</td><td colspan="3">–</td></tr>
<tr><td>રીઝર્વેશન પ્લોટની વિગત</td><td colspan="3">આંજણા ટેનામેન્ટ</td></tr>
<tr><td>૪</td><td>કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે)</td><td colspan="3">રહેણાંક</td></tr>
<tr><td rowspan="6">૫</td><td rowspan="6">તોડવામાં આવેલ બાંધકામની વિગત</td><td>માર્જીન</td><td>માપ(ફુટમા)</td><td>ચો.ફુટ(વિસ્તાર)</td></tr>
<tr><td>ભોયતળિયે</td><td></td><td>૧૦૦૦</td></tr>
<tr><td>પ્રથમમાળ</td><td></td><td>૩૦૦</td></tr>
<tr><td>બીજોમાળ</td><td></td><td rowspan="2"></td></tr>
<tr><td>.ત્રીજોમાળ</td><td></td></tr>
<tr><td>ચોથોમાળ</td><td></td><td></td></tr>
<tr><td>૬</td><td>માલિકનું નામ</td><td colspan="3">આંજણા ટેનામેન્ટમાં વસતા રહેવાસીઓ</td></tr>
<tr><td>૭</td><td>આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૮</td><td>પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત</td><td colspan="3">આજરોજ આંજણા ટેનામેન્ટની બિલ્ડીંગ નં. ડી/૧ થી ડી/૪ વચ્ચેના ભાગમાં આવેલ માર્જીનમાં બનાવવામાં આવેલ સંડાસ,બાથરૂમ  વિગેરેનો બીનઅધિકૃત બાંધકામ દુર કરવામાં આવેલ છે.</td></tr>
<tr><td rowspan="2">૯</td><td>તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા</td><td colspan="3">આશરે ૬ થી ૮</td></tr>
<tr><td>બેલદારની સંખ્યા</td><td colspan="3">લગભગ– ૨૦</td></tr>
<tr><td>૧૦</td><td>મશીન / વાહનની વિગત</td><td colspan="3">૧–જે.સી.બી</td></tr>
<tr><td>૧૧</td><td>વસુલ કરવામાં આવેલ ડીમોલીશન</td><td colspan="3">૨૫,૦૦૦/– (પચ્ચીસ હજાર)</td></tr>
<tr><td>૧૨</td><td>ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૩</td><td>અન્ય માહિતી</td><td colspan="3">સદર ટેનામેન્ટમાં બે ટેનામેન્ટની વચ્ચે આવેલ ઓપન સ્પેસ તથા માર્જીનની જગ્યામાં અને સ્ટેરકેસની નીચેના ભાગમાં બનાવવામાં આવેલ સંડાસ,બાથરૂમ વિગેરેનું બીનઅધિકૃત બાંધકામ દુર કરવામાં આવેલ છે.</td></tr>
</table>

TOP

# તા. ૪–૬–૧૪ નાં રોજ બુધવારની સંકલિત ગૃપ સફાઈ કામગીરીનો રીપોર્ટ

| અનં | વિગત | Total |
|---|---|---|
| અ | સફાઈ ઝુંબેશનો વિસ્તાર | |
| બ | કુલ ટીમની સંખ્યા | ૪૦ |
| ૧ | ડે. ઈજનેર | ૨ |
| ૨ | મુખ્યઆરોગ્ય નિરીક્ષક | ૧૨ |
| ૩ | જુ. –આસી. ઈજનેર / સુપરવાઈઝર | ૮ |
| ૪ | ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર | ૩ |
| ૫ | ટેકનીકલ આસી. | ૫ |
| ૬ | વાયરમેન | ૭ |
| ૭ | આરોગ્ય નિરીક્ષક / મ.આ. નિરીક્ષક | ૬૬ |
| ૮ | ડ્રેનેજ ઈન્સ્પેકટર | ૦ |
| ૯ | પ્રાયમરી હેલ્થ વર્કરો | ૪૯ |
| ૧૦ | કડીયા / મુકાદમ | ૬ |
| ૧૧ | સફાઈ કામદારો / બેલદારો | ૦ |
| ૧૧ અ | આરોગ્યવિભાગ | ૬૦૯ |
| ૧૧ બ | લોકસેવા વિભાગ | ૬૨ |
| ૧૧ ક | ડ્રેનેજ વિભાગ | ૦ |
| ૧૨ | કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો નિકાલ કુલ મે. ટન | ૩૬.૨૧ |
| ૧૩ અ | દબાણ દુર કર્યાની વિગત | ૪ |
| ૧૩ બ | લારી | ૩ |
| ૧૩ ક | ગલ્લા | ૦ |
| ૧૩ ડ | અન્ય સામાન | ૦ |
| ૧૪ | ગુમાસ્તાધારા વિભાગ તરફથી ચેક થયેલ સંસ્થા | ૧૦૩ |
| ૧૫ અ | પ્રોફેશન ટેક્ષ અંતર્ગત કરેલ કામગીરી ચેક કરેલ સંસ્થા : | ૪૪ |
| ૧૫ બ | વસુલ કરેલ ટેક્ષની રકમ રૂા. | ૧૦૦૦ |
| ૧૬ | ફુટપાથ રીપેર કરી કુલ ચો. મી. | ૦ |
| ૧૭ | વોટરટેબલ રિસેટ કર્યા/ રીપેર કર્યા / સ્ક્રેપીંગ કરી સાફ કર્યા કુલ (રનીંગ મીટર) | ૩૧૦ |
| ૧૮ અ | વરસાદી જાળીયા સાફ કર્યા નંગ | ૧૨ |
| ૧૮ બ | વરસાદી જાળીયા રીપેર કર્યા | ૧ |
| ૧૯ | લાઈટ વિભાગની કામગીરી | ૪૯ |
| | વી.બી.ડી.સી. વિભાગની કામગીરી | ૦ |
| ૨૦ | કુલ ઘર સર્વે | ૬૦૩૮ |
| ૨૧ | બ્રીડીગ સ્પોટ ચેક કર્યા | ૧૩૫૦૩ |
| ૨૨ | પોઝીટીવ બ્રીડીગ સ્પોટ | ૩૨ |
| ૨૩ | બ્રીડીગ નાશ કર્યા | ૩૬ |
| ૨૪ અ | એનો. | ૧૩ |
| ૨૪ બ | એડીસ | ૧૯ |
| ૨૪ ક | કયુલેકસ | ૦ |

| | | |
|---|---|---|
| ૨૪ ડ | મિશ્ર | ૪ |
| ૨૫ | તાવનાં કેસમાં સ્લાઈડ લીધી | ૪૦૭ |
| ૨૬ | એફ.આર.ટી. આપી | ૨૬ |
| ૨૭ | ફોગીંગ આયોજન | ૪ |
| ૨૮ | કુલ નોટીસ / ચેતવણી | ૨૧૨ |
| ૨૯ | વહીવટી ખર્ચ વસુલાત | ૫૬૮૦૦ |
| ૩૦ | ઈસમોની સંખ્યા | ૨૭૦ |
| ૩૧ | પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કી.ગ્રા. | ૮.૫૫ |
| ૩૨ | અખાધ પ્રદાથોનો નાશ કી.ગ્રા. | ૧૭૬.૦૫ |
| ૩૩ | આંગણવાડીઓ ચેક કરી | ૦ |
| ૩૪ | શાળાઓ / સરકારી મકાન ચેક કર્યા | ૦ |
| ૩૫ | કામગીરીમાં જોડાયેલ આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ / શાળાઓની વિગત | ૦ |

| સફાઈ ઝુંબેશનો વિસ્તારઃ— | | |
|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | : | નાનપુરા ચોસઠ જોગણી માતાનાં મંદીરથી ગાંધી સ્મૃતિ ભવન થઈ આરટીઓ સુધી, ગલેમડી છાપરીયા શેરી મલ્ટી એકટીવીટી સેન્ટરથી દિલ્હીગેટ સુધી, બેગમપુરા સુથાર ફળીયા તથા લકકડકોટ વિસ્તાર, મજુરાગેટ ચાર રસ્તાથી કૈલાસનગર સર્કલ થઈ નાડીયાવાડ સુધી, લાલમીયા મસ્જીદ ચાર રસ્તાથી લોખાત હોસ્પીટલ ત્રણ રસ્તા, કાંકરા મહોલ્લો, ગવાળીયા ફળીયા સુધી. |
| વરાછા ઝોન | : | સવજી કોરાર બ્રિજથી પ્રિન્સેસ ટાવર, સવજી કોરાર બ્રિજથી જાનવી પાર્ક સુધી, લજામણી ટર્નીગથી ક્રિષ્ણા ટાઉનશીપ, કબ્રસ્તાન તળાવથી મોટા વરાછા વોર્ડ ઓફીસ, ગોકુલધામ થી સુદામા ચોક, ગજેરા સર્કલી ક્રિષ્ણા એવન્યુ થઈ યમુના પેલેસ સુધી વિગરે |
| રાંદેર ઝોન | : | ગુ.હા.બોર્ડ બ્લોક નં. ૧ થી ૯૦, રામનગર, ગુ.હા.બોર્ડ ડી.આર.રાણા સ્કુલથી સાગર ડેરી સુધી, ઝુલેલાલ મંદીરથી સરસ્વતી ચાર રસ્તા સુધી, ઝુલેલાલ મંદીરથી સરસ્વતી ચાર રસ્તા, સાગર ડેરી થઈ ભિક્ષુક ગૃહ થઈ સ્વામીનારાયણ મેઈન રોડ, ભિક્ષુક ગૃહથી પ્રેમભારતી સ્કુલ થઈને ભારત જનરલ સ્ટોર્સ |
| કતારગામ ઝોન | : | નાની બહુચરાજી મંદીરથી રહેમતનગર કન્ટેનર થી અટલજીનગર રોડ અને મેદાન થઈ ફટાકટાવાડી રોડ સુધી. |
| ઉધના ઝોન | : | પત્રકાર કોલોનીથી ગોવાલકવાળો મેઈનરોડ, ક્ષેત્રપાળ નગર સુધીનો મેઈન રોડ, શાંતાનગર સોસાયટીવાળુ મેદાન, બમરોલી |
| અઠવા ઝોન | : | ચીકુવાડી રોડ, નર્મદનગર રોડ, સુયોગનગર, સાઈ આશીષ, કેનાલ રોડ |
| લીંબાયત ઝોન | : | લીલીયાવાળા પુલના નાકાથી પીપળાવાળા સર્કલ સુધી (ડાબી—જમણી બાજુ), પીપળાવાળા સર્કલથી શીવાજીનગર(ડાબી—જમણી બાજુ), પીપળાવાળા સર્કલથી સાગર નમકીન થઈ જુની ઝોન ઓફીસ રોડ, કાકા કાલેકલર થી નીલગીરી સર્કલ, લોકસેવા ડેપો થઈ ભગતસિંહ ચોક (ડાબી—જમણી બાજુ), પીપળાવાળા સર્કલ મમતા ટોકીઝ થઈ પરવત વોર્ડ ઓફીસ તરફ |

TOP

# ૫ મી જૂન "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા અઠવા ઝોન વિસ્તારમાં ગાર્ડન તથા શાંતિકુંજની લોકાર્પણવિધિ તથા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન





૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસે સુરત મહાનગરપાલિકા દ્વારા ટી.પી. સ્કીમ નં. ૨, વેસુ–ભરથાણા, ફાઈનલ પ્લોટ નં. ૨૦૯, સાંઈ જલારામ મંદિરની સામે, વેસુ, સુરત ખાતે ૩૯૧૮ ચો.મી. એરિયામાં રૂા.૪૫,૧૯,૧૪૬.૦૦ ના ખર્ચે ૪૧.૪૫ ચો.મી.નો વોક વે, ૧૦મી.× ૫ મી.નો ગઝેબો, ૧૨ ચો.મી. પાણીની પરબ, ૨૬૮ ચો.મી. એરીયામાં ચિલ્ડ્રન પ્લે, ૨૦ ચો.મી.માં ટોયલેટ બ્લોક, ૭૨૫ ચો.મી. પાર્કિંગ એરિયા તથા ૧૮૦૩ ચો.મી. લોન એરિયા વિસ્તારમાં સાકારિત ગાર્ડનની લોકાર્પણવિધિ તથા ટી.પી.સ્કીમ નં. ૪, ઉમરા–સાઉથના ફાઈનલ પ્લોટ નં. ૧૦૩, રાણી સતી મંદિરની સામે, રઘુવીર બંગ્લોઝની બાજુમાં, સીટીલાઈટ, સુરત ખાતે ૯૩૨ ચો.મી. એરિયામાં રૂા.૯,૮૬,૩૯૧/– ના ખર્ચે ૨૩૭ ચો.મી.નો વોક વે, ૧૦મી.×૫ મી.નો ગઝેબો અને ૪૦૭ ચો.મી. લોન એરિયામાં શાંતિકુંજની લોકાર્પણવિધિ મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને તથા મા.ડે.મેયરશ્રી દયાશંકર, મા.અધ્યક્ષ સ્થાયી સમિતિ શ્રી રાજેશ દેસાઈ, મા.નેતા શાસકપક્ષશ્રી રમેશ કે. લાઠીયા વગેરે અતિથિ વિશેષશ્રીઓની ઉપસ્થિતિમાં ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિના મા.અધ્યક્ષા શ્રીમતિ જશુબેન રાઠોડના વરદ્હસ્તે ગાર્ડન તથા શાંતિકુંજની લોકાર્પણવિધિ સંપન્ન કરવામાં આવી તથા વૃક્ષારોપણ હાથ ધરવામાં આવ્યુ.



કાર્યક્રમ દરમ્યાન રાયન ઈન્ટરનેશલ સ્કુલના બાળકોને વિનામૂલ્યે તુલસીના રોપા વિતરણ કરવામાં આવ્યા. આ પ્રસંગે મા. મેયરશ્રીએ ઉદબોધનમાં પર્યાવરણની જાળવણીએ બાબતે જાગૃતતા દર્શાવવા અનુરોધ કર્યો હતો. તમામ નાગરિકોની જવાબદારી હોવાનુ જણાવી તેમા સુરત મહાનરપાલિકા સતર્ક હોય શહેરના નાગરિકોને સહકાર આપી સામુહિક રીતે પર્યાવરણનું જતન કરવા જણાવ્યું હતું. સુરત મહાનરપાલિકાને પર્યાવરણની જાળવણીમાં જનતાને સાથ સહકાર આપવા અપીલ કરવામાં આવી હતી.

"વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી અંતર્ગત "એન્વાયમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરીત યોજાનાર વિવિધ કાર્યક્રમો માં શહેરના બાળકો અને નગરજનોમાં પર્યાવરણ અને તેને લગતા વિષયો બાબતે જાણકારી વધે તે હેતુસર "વિશ્વ પર્યાવરણ દિન" ને લગતા વિવિધ વિષયો ઉપર નિબંધ સ્પર્ધા તથા ચિત્રકામ સ્પર્ધાનું આયોજન TIFAC સેમીનાર હોલ, સાર્વજનિક કોલેજ ઓફ એન્જી. એન્ડ ટેકનોલોજી, ડા. આર.કે.દેસાઈ માર્ગ, મિશન હોસ્પિટલ સામે, અઠવાલાઈન્સ ખાતે આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં વૃક્ષો વાવો પૃથ્વી બચાવો, જાહેર સફાઈ, કુદરતી દ્રશ્ય, વાર્તાચિત્ર, ગ્લોબલ વોર્મિંગ, કુદરતની અણમોલ દેન પર્યાવરણ, પર્યાવરણ બચાવો દેશ બચાવો અને કુદરતના ખોળે પિકનીક જેવા વિષયો પર આધારિત ચિત્રકામ સ્પર્ધા યોજવામાં આવી હતી.

**Continue …**



આ કાર્યક્રમ પ્રસંગે મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, મા.ડેપ્યુટી મેયરશ્રી દયાશંકર સિંહ, મા.અધ્યક્ષ સ્થાયી સમિતિ શ્રી રાજેશ દેસાઈ, મા.કમિશ્નરશ્રી એમ.કે.દાસ, મા. શાસકપક્ષ નેતા શ્રી રમેશ કે. લાઠિયા, મા.અધ્યક્ષા ગુહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી જશુબેન રાઠોડ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, વિવિધ શાળાના વિદ્યાર્થીઓ અને પર્યાવરણપ્રેમી નગરજનો વિગેરેએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં મે.કમિશ્નરશ્રી અને લિંબાયત ઝોનનાં એડી.સીટી.ઈજનેર સાહેબશ્રી તથા આસી.કમિશ્નરશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ **તા.૦૪/૦૬/૧૪** નાં રોજ લિંબાયત ઝોનનાં આરોગ્ય વિભાગના તથા વી.બી.ડી.સી. સ્ટાફની કુલ–૨ (બે) ટીમો બનાવી કોમર્શીયલ બિલ્ડીંગ તેમજ માર્કેટોમાં સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનની ઉમરવાડા–૨ ની વિભાગીય કચેરીનાં કાર્યક્ષેત્રમાં આવેલ માર્કેટો જેવી કે જે.જે.એ.સી.માર્કેટ,રાધે માર્કેટ,કસ્તુરી માર્કેટ, સિલ્ક પ્લાઝા માર્કેટ, અનમોલ માર્કેટ,જય મહાવીર માર્કેટ, સિધ્ધી વિનાયક ટેક્ષટાઈલ્સ હાઉસ, સિધ્ધી વિનાયક કોર્પોરેશન, મિલેનીયમ માર્કેટમાં આરોગ્યલક્ષી ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમ્યાન માર્કેટમાં આવેલ અંડરગ્રાઉન્ડ/ઓવરહેડ ટાંકીઓ, કેન્ટીન/ટી સ્ટોલ તથા માર્કેટના પેસેજ, પાર્કીગ તેમજ માર્કેટનાં ડ્રેનેજ લાઈન પાઈપો લીકેજ/તુટેલ હોવાથી તેને બદલવા માટે તથા દુકાનની પાછળની ભાગે આવેલ બારી–બારણાંની પરડી ઉપર તેમજ ઓપન ધી સ્કાઈ તેમજ ઓ.ટી.એસના પેસેજમાં કાગળ,પ્લાસ્ટીક, કચરો, રેસા, નકામા કાપડના ડુચા વિગેરે નાંખી ગંદકી કરેલ હોવાથી માર્કેટના દુકાનધારકો/ કેન્ટીનવાળા તથા વહીવટકર્તાઓને નોટીસ આપી વહીવટી ચાર્જ વસુલ કરવાની કામગીરી કરવામાં આવી હતી.

વી.બી.સી.ડી. ખાતાની ટીમ દ્વારા માર્કેટના ટેરેસની ઓવરહેડ/અંડરગ્રાઉન્ડ ટાંકીઓનું ચેંકીગ કરવામાં આવ્યું હતું તથા મીઠીખાડી વિસ્તારમાં આવેલ મહાપ્રભુનગર ઈન્ડસ્ટ્રીયલ, શિવાજીનગર, જુની ઝોન ઓફિસ રોડ, ભગતસિંહ ચોકની આજુબાજુના વિસ્તારમાં ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવી આ વિસ્તારમાં આવેલ સંસ્થાઓનું પણ ઘનિષ્ઠ આરોગ્યલક્ષી ચેંકીગ હાથ ધરવામાં આવ્યું હતું.

ઉપરોકત કામગીરી દરમ્યાન ૧૦ (દશ) માર્કેટ તેમજ મીઠીખાડી વોર્ડ વિસ્તારની આજુબાજુ આવેલ નાના–મોટા કોમ્પલેક્ષની અંદાજીત કુલ–૧૧૦૦ સંસ્થાઓ ચેક કરતાં તે પૈકીની કુલ–૯૬ સંસ્થામાં આરોગ્યલક્ષી ક્ષતિઓ માલુમ પડેલ હોવાથી કુલ–૨૯ ઈસમોને નોટીસ આપી તેમની પાસે કુલ–**રૂા.૫૩,૭૦૦/–** (અંકે રૂપિયા ત્રેપન્ન હજાર સાતસો પુરા) વહીવટી ચાર્જ પણ વસુલ કરવા અંગેની સખત કાર્યવાહી કરવામાં આવેલ છે.

વધુમાં માર્કેટના વહીવટકર્તાઓને નોટીસ આપી માર્કેટ પેસેજ, પાર્કીગ તેમજ દુકાનોની પાછળના ભાગે આવેલ ગલીઓની તેમજ મીઠીખાડી વોર્ડ વિસ્તારમાં આવેલ દુકાનધારકો પાસે સાફ–સફાઈ કામગીરી તેઓ પાસે કરાવવામાં આવી હતી. સંચાલકોને સ્વચ્છતા જાળવવા તથા ધંધાના સ્થળની આજુબાજુ સંપૂર્ણ સફાઈ રાખવા તેમજ ઢાંકણવાળી ડસ્ટબીન રાખી કચરાનો અસરકારક નિકાલ કરવા માટે ચેતવણી આપી, સમજ આપવામાં આવી હતી.

TOP

## "વિશ્વ પર્યાવરણ દિન"






૫મી જૂનનો દિવસ આખા વિશ્વમાં "વિશ્વ પર્યાવરણ દિન" તરીકે ઉજવાય છે. ૫મી જુન "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત નિબંધ અને ચિત્રકામ સ્પર્ધાનું આયોજન તા.૦૫/૦૬/૨૦૧૪ને ગુરૂવારના રોજ TIFAC સેમીનાર હોલ, સાર્વજનિક કોલેજ ઓફ એન્જી. એન્ડ ટેકનોલોજી, ડો.આર.કે.દેસાઈ માર્ગ, મિશન હોસ્પીટલની સામે, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું.

સુર્યપુર રત્ન એવોર્ડ વિજેતા શ્રી નિમેષભાઈ વશી અને રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી ગોવિંદભાઈ ધોળકિયા તરફથી સુરતને "ચોખ્ખું અને હરિયાળું" બનાવવા માટે મળેલ અનુદાનના વ્યાજમાંથી "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત સુરત મહાનગરપાલિકા દર વર્ષે શહેરના બાળકો અને નગરજનોમાં પર્યાવરણ અને તેને લગતા વિષયો બાબતે જાણકારી વધે તે હેતુસર વિશ્વ પર્યાવરણ દિનને લગતા વિવિધ આયોજન અંતર્ગત ધોરણ ૪ થી ૮ અને ધોરણ ૯ થી ૧૨ એમ બે વિભાગ માટે નિબંધ સ્પર્ધા અને ચિત્રકામ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મારી કલ્પનાનું નિર્મળ શહેર, પર્યાવરણ બચાવો દેશ બચાવો, ગ્લોબલ વોર્મીગ– "જીવ સંતુલન માટે ભારે સંકટ", પર્યાવરણ જાગૃતિ સમાજની જવારદારી જેવા વિષયો પર આધારિત નિબંધ સ્પર્ધા જયારે વૃક્ષો વાવો પૃથ્વી બચાવો, જાહેર સફાઈ, કુદરતી દ્રશ્ય, વાર્તાચિત્ર, ગ્લોબલ વોર્મિંગ, કુદરતની અણમોલ દેન પર્યાવરણ, પર્યાવરણ બચાવો દેશ બચાવો અને કુદરતના ખોળે પિકનીક જેવા વિષયો પર આધારિત ચિત્રકામ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં ૨૭૫થી પણ વધુ સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. જેનું પરિણામ નીચે મુજબ હતું.

| | | નિબંધ સ્પર્ધા | | ચિત્રકામ સ્પર્ધા | |
|---|---|---|---|---|---|
| ગ્રુપ | વિજેતાક્રમ | વિજેતા / શાળાનું નામ | | વિજેતા / શાળાનું નામ | |
| (ધો.૪ થી ૮) | પ્રથમ | પટેલ હિતેષી મનીષકુમાર<br>જીવનભારતી કિશોર ભવન | | કોઠારી આંચલ સંદિપકુમાર<br>રૂ.સી.મા પૂણાવાલા સાર્વ. એકસપરિમેન્ટલ સ્કુલ | |
| | દ્વિતીય | ચોકસી મંથન મિતેશભાઈ<br>રેડીયન્ટ ઈંગલિશ એકેડમી | | પટેલ હિતેષી મનીષકુમાર<br>જીવનભારતી કિશોર ભવન | |
| | તૃતીય | રાણીંગા સાક્ષી<br>રૂ.સી.મા પૂણાવાલા સાર્વ. એકસપરિમેન્ટલ સ્કુલ | | જેનિશા એસ. પટેલ<br>હિલ્સ હાઈસ્કુલ | |
| | આશ્વાસન | ૧ | પટેલ ખુશીકુમારી આશિષભાઈ<br>પી.બી.દેસાઈ પ્રાયમરી સ્કુલ | ૧ | ખડેલા નીલ ડી.<br>ગજેરા વિદ્યાવન |
| | | ૨ | સાવલીયા ધ્રુવ ચંદુભાઈ<br>સિવિલાઈઝ મોર્ડન સ્કુલ | ૨ | પટેલ શ્રેય એસ.<br>ભૂલકા ભવન સ્કુલ |
| | | ૩ | દુગ્ગડ દિશા – હિલ્સ હાઈસ્કુલ | ૩ | તક્ષ પી. પરમાર – હિલ્સ હાઈસ્કુલ |
| | | ૪ | કાપડીયા દેવ મનોજકુમાર<br>સેંટ ઝેવિયર્સ સ્કુલ | ૪ | નિત્ય એમ. રાવલ – હિલ્સ હાઈસ્કુલ |
| | | | | ૫ | મંથન મિતેશભાઈ ચોકસી<br>રેડિયન્ટ ઈંગલિશ એકેડમી |
| | | | | | |

| ગ્રુપ | વિજેતાક્રમ | | વિજેતા / શાળાનું નામ | | વિજેતા / શાળાનું નામ |
|---|---|---|---|---|---|
| (ધો.૯ થી ૧૨) | પ્રથમ | | વઘાસિયા સાહિલ પી.<br>ગજેરા વિદ્યાભવન | | કરણ આર. જરીવાળા<br>રૂ.સી.મા પૂણાવાલા સાર્વ. એકસપરિમેન્ટલ સ્કુલ |
| | દ્વિતીય | | ભાટિયા કરિશ્મા પ્રમોદભાઈ–સાર્વજનિક હાઈસ્કુલ | | બારોટ હાર્દિક ભદ્રેશભાઈ – લિટલ સ્ટાર સ્કુલ |
| | તૃતીય | | પટેલ વિશ્વ પ્રવિણકુમાર–જે.એચ.અંબાણી સ્કુલ | | રાણા શશાંક ચંદ્રકાંત–જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય |
| | આશ્વાસન | ૧ | રાણા શશાંક ચંદ્રકાંત<br>જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય | ૧ | શુંકલા બંકિમ જી.<br>સાર્વજનિક હાઈસ્કુલ |
| | | ૨ | માંગુકિયા અર્ષિત લવજીભાઈ<br>એચ.વી.સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય | ૨ | પટેલ ભાર્ગવી હરીશભાઈ<br>એલ.પી.સવાણી સ્કુલ |
| | | ૩ | પટેલ તન્વીકુમારી વિજયભાઈ<br>સ્વ.એમ.એમ.એ.વશી મેમો. જ્ઞાનદિપ વિદ્યાલય | ૩ | કાર્તિક કમલેશભાઈ ગોંડલીયા<br>એચ.વી.સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય |

આ પ્રસંગે સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા કુ.સ્વાતિબેન સોસા, ગાર્ડન સમિતિ અધ્યક્ષાશ્રીમતી જશુબેન રાઠોડ, હોસ્પિટલ સમિતિના અધ્યક્ષા શ્રીમતી ઉર્મિલાબેન રાણા, સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષાશ્રીમતી કિશોરીબેન કાપડીયા, સાંસ્કૃતિક ખાતાના મેનેજરશ્રી એસ.આર.ખાન, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને પર્યાવરણ પ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. નિર્ણાયક તરીકે શ્રી મોહનભાઈ પટેલ, શ્રી અતુલભાઈ રાજપૂત, શ્રી કિશોરભાઈ કોસંબીયાએ સેવા આપી હતી. સ્પર્ધાના વિજેતાઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે રોકડ પુરસ્કાર, ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનીત કરવામાં આવ્યા હતા. ભાગ લેનારા તમામ સ્પર્ધકોને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર અને સ્મૃતિભેટ આપવામાં આવ્યા હતા. ચિત્રકામ સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓના ચિત્રો સાયન્સ સેન્ટરની આર્ટ ગેલેરી, સીટીલાઈટ રોડ, સુરત ખાતે તા.૧૨/૦૬/૨૦૧૪ સુધી ડિસ્પ્લે કરવામાં આવશે. "ટાઈફેક" સંસ્થાએ તમામ સુવિધાઓ પુરી પાડી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## ૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી.

૫ જુન ''વિશ્વ પર્યાવરણ દિન'' ની ઉજવણી અંતર્ગત અઠવા વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૪, ઉમરા–સાઉથના ફા.પ્લોટ નં.૧૦૩, સીટી લાઈટ રોડ, રઘુવીર બંગ્લોઝની બાજુમાં શાંતિકુંજ (બાગનું ક્ષેત્રફળ ૯૩૨ ચો.મી.) અને ટી.પી.સ્કીમ નં.૨, વેસુ–ભરથાણ, ફા.પ્લોટ નં.૨૦૯, સાંઈ જલારામ મંદિર સામે બાગ (બાગનું ક્ષેત્રફળ ૩૯૧૮.૦૦ ચો.મી.) નું લોકાર્પણ મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને અને ગૃહનિમાર્ણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષ શ્રીમતી જશુબેન રાઠોડ  ના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. આ બાગ અને શાંતીકુંજ તૈયાર કરવાનો ઉદ્દેશ જાહેર જનતાના રીક્રીએશન તથા પર્યાવરણની જાળવણીનો છે. જેનો જે તે વિસ્તારની જનતા લાભ લઈ શકશે.

આ ઉપરાંત રાણીસતી મંદિરની પાસે વૃક્ષારોપણ અને વિનામૂલ્યે રોપા વિતરણનો કાર્યક્રમ મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, મા. ડે. મેયર શ્રી દયાશંકર સિંહ , શ્રી રાજેશ દેસાઈ (મા.અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ), શ્રી રમેશભાઈ કે. લાઠીયા (મા. નેતાશ્રી શાસકપક્ષ), મ્યુ.કમિશ્નરશ્રી એમ. કે. દાસ, શ્રીમતી જશુબેન રાઠોડ (અધ્યક્ષશ્રી ગૃહનિમાર્ણ અને ઉદ્યાન સમિતિ) તથા વિસ્તારના મ્યુ.સભ્યશ્રીઓ સાથે શહેરના મહાનુભવો, નગરસેવકો, નગરજનો અને શાળાના વિદ્યાર્થીઓ / શિક્ષકોના સહયોગથી કુલ ૧૯૬ નંગ વૃક્ષોના રોપાનું પ્લાન્ટેશન અને ૧૪૦ વિનામૂલ્યે રોપા વિતરણ કરવામાં આવેલ હતું.

વધુમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિતે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ પ્રકારના છાયા વૃક્ષો જેવા કે, ગુલમહોર, બિગ્નોનીયા, તગડી, બોરસલ્લી, લીમડો વિગેરે રોપાઓનું વિતરણ શહેરની અગ્રણી સંસ્થાઓ, મંડળો, સોસાયટીઓ જેવી કે એલાયન્સ કલબ ઓફ સુરત, સ્વામી નારાયણ મંડળ, રૂસ્તમપુરા અને એસ. એન્ડ એસ. ગાંધી એન્જીનીયરીંગ કોલેજ, સર્ધન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ (મહિલા પાંખ) તેમજ નગરજનો અને રાહદારીઓ મારફત કરવામાં આવેલ. સુરત મહાનગરપાલિકાના ખજોદ સોલીડ વેસ્ટ ડીસ્પોઝલ સાઈડ પર કુલ ૧૫૦૦ રોપા અને ગાર્ડન ખાતા દ્વારા જે તે ઝોનમાં જુદા જુદા જે તે બાગો–૩૯૬, રોડ સાઈડ–૮૪ અને રોડ ડીવાઈડરો–૮૩૧ અને સેન્ટ્રલ વર્જ–૨૨૫ તેમજ પાંડેસરા ફાયર સ્ટેશનના પેરીફેરીમાં– ૭૫ સહિત **કુલ ૩૧૧૧ વૃક્ષોના રોપાઓનું પ્લાન્ટેશન અને ૯૭૮ વિનામૂલ્યે રોપાઓનું  વિતરણ વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિત્તે કરવામાં આવેલ હતું.**

આ ઉપરાંત ૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે તયાબહ સેમીનાર હોલ, સાર્વજનિક કોલેજ ઓફ એન્જી. એન્ડ ટેકનોલોજી, અઠવાલાઈન્સ ખાતે''એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ'' ના પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત ચિત્રકામ અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૨૭૫ સ્પર્ધકોએ ઉમંગભેર ભાગ લીધેલ હતો. તેમજ સાઉથ વેસ્ટ ઝોનમાં આવેલ સાયન્સ સેન્ટર ખાતે આર્ટ ગેલેરીમાં પર્યાવરણલક્ષી સંદેશો આપતા બેનરો  તેમજ પર્યાવરણલક્ષી સંદેશો ધરાવતી ચિત્રકામ સ્પર્ધાની કૃતિઓ તા.૧૨/૦૬/૨૦૧૪ સુધી જાહેર જનતા માટે પ્રદર્શન માટે મુકવામાં આવેલ છે.

**TOP**